**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૯૪ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન કાચના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫.૦૦ થી ૮.૧૫ દરમિયાન અંગુર કાજુ કલાના હિંડોળાના દર્શન યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા બીપીનભાઈ જાની, એ-૩૦૧, વૈદેહી ફ્લેટ, વાવોલ ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ભોળાનાથના શિવમહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા નિરવભાઈ દવે, એચ-૧૦૪, શાલ્વિક શુકન, વાવોલના નિવાસસ્થાને રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા બાબુભાઈ ડી. શર્મા, કુંભેશ્વર મહાદેવ કોબા ખાતે સવારે ૯ કલાકે મહાપ્રસાદ સાથે લઘુરૂદ્રાભિષેક યોજાશે. જે માટે સવારે ૮.૦૦ કલાકે પંચદેવ મંદિરેથી ગાડી ઉપડશે.

● સુંદરધામ પરિવાર દ્વારા ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ૩.૦૦ થી ૬.૩૦ દરમિયાન સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર બ્રહ્મભવન ખાતે શિવકથા યોજાશે.

### સામાજીક અને સાંસ્કૃતિક

● બિગ શોટ ઈવેન્ટસ મેનેજમેન્ટ દ્વારા સે-૧૭ ટાઉનહોલ ખાતે રાત્રે ૮ કલાકે ગાંધીનગરના ૫૫મા જન્મદિવસ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ અને કિશોરકુમારના જન્મદિવસ પ્રસંગે જાદુ કિશોર કા કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રજત જયંતિ વર્ષ નિમિત્તે સવારે ૯.૩૦ થી ૧૨ કલાક દરમિયાન સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે પ્રાર્થના ગાન સ્પર્ધા યોજાશે.

## આજે સે-૨૨ આયુર્વેદ હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે ડાયાબિટીસ ટેસ્ટ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની સેકટર-૨૨ ખાતે સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે આવતીકાલે તા. ૩જી ઓગસ્ટના રોજ ડાયાબિટીસ ટેસ્ટ અને બ્લડ ટેસ્ટનો વિનામૂલ્યે કેમ્પ યોજાશે. સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન આ કેમ્પનો જરૂરિયાતમંદ નાગરિકોને લાભ લેવા સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## જીઈબી ખાતે મજુર પટકાતા ઈજાગ્રસ્ત થતા સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના થર્મલ પાવર સ્ટેશન (જીઈબી) ખાતે કામગીરી કરતો એક મજુર પટકાતા ઈજાગ્રસ્ત થયો છે. કારીગર રાત્રીના સમયે કામ કરતો હતો તે સમયે પડી ગયો હતો. જો કે તે કઈ રીતે પડ્યો તેની કોઈને જાણ સુધ્ધા થઈ ન હતી. સવારે કોન્ટ્રાકટરના માણસો તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાત્કાલીક વિભાગમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યાં સમગ્ર બાબત પોલીસ ચોપડે નોંધાશે તેમ લાગતા મજુરને ખાનગી દવાખાનામાં લઈ જવાયો હતો. મજુરને માથાના ભાગે ઈજાઓ પહોંચી હોવાથી અને તે આખી રાત પડી રહ્યો હોવાથી તેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. પરમાર વિણાબેન સંજયભાઈ, ઉ.વ. ૩૩
- સ્વ. શુકલ જનાર્દન રવિશંકર, ઉ.વ. ૫૪
- સ્વ. સોની દિનેશભાઈ પોપટલાલ, ઉ.વ. ૫૧
- સ્વ. ઝાલા ભલાજી લીંબાજી, ઉ.વ. ૭૬

# શહેરના જન્મદિને બાળકોએ કાગળ પર કલ્પના કંડારી

## શહેરના જન્મદિને કલ્ચરલ ફોરમ અને મનપા દ્વારા બાલચિત્ર સ્પર્ધા







ગાંધીનગર, તા.૨

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા શહેરના જન્મદિવસ નિમિત્તે શહેરના બાળકો દ્વારા કેક કટ કરીને ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે સંસ્થા દ્વારા શહેરના ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે ચિત્ર સ્પર્ધા પણ યોજાઈ હતી. કાર્યક્રમમાં શહેરના મહાનુભાવો સાથે શહેરના નાગરિકોએ બાળકો સાથે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

ગાંધીનગરના ૫૫મા જન્મદિન નિમિત્તે શહેરની જાણીતી સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા ઉજવણીના ભાગરૂપે બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના લગભગ ૩૦૦થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંસ્થા તરફથી સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને કલર બોકસ અને પેપર શીટ આપવામાં આવી હતી. આ ઉપરાંત દરેક બાળકોને સ્નેકસ અપાયા હતા.

સ્પર્ધામાં ૬ થી ૧૦ અને ૧૧ થી ૧૪ વર્ષ એમ બે ગ્રુપ પાડવામાં આવ્યા હતા. બંને ગ્રુપમાં શ્રેષ્ઠ ચિત્ર દોરનાર બાળકને એક થી ત્રણ ક્રમ ઉપરાંત પાંચ આશ્વાસન ઈનામ આપ્યા હતા. જેમાં સંસ્થા તરફથી પ્રથમ ક્રમે આવનારને ટ્રોફી, પાંચ હજાર રૂપિયા રોકડા અને ક્રાફટ કીટ, દ્વિતિય ક્રમે આવનારને ટ્રોફી, ત્રણ હજાર રૂપિયા રોકડા તથા ક્રાફટ કીટ તથા તૃતીય ક્રમે આવનારને બે હજાર રૂપિયા રોકડા અને ક્રાફટ કીટ આપવામાં આવી હતી. આ ઉપરાંત અરબન ઓટલા ઈન્ફોસીટી તરફથી બંને ગ્રુપમાં પાંચ આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા તથા દરેક બાળકને સર્ટીફીકેટ એનાયત કરાયું હતું.

કાર્યક્રમમાં શહેરના મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ અને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ અને મીનાબેન શુકલ અને શહેરના યુવા બિલ્ડર નિસર્ગ પટેલે ખાસ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

કલ્ચરલ ફોરમની ડ્રોઈંગ ટીમના સભ્યો ઈન્દ્રવિજયસિંહ સોલંકી, વત્સલ વોરા, પૂર્વી મણિયાર, તૃષા વ્યાસ, તરંગ હાથીનો કાર્યક્રમમાં મહત્વનો ફાળો રહ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે મનહર કાપડીયા, અમિતા ફડિયા, નયના મેવાડા અને રોશની શાહે ફાળો પૂરો પાડયો હતો. કાર્યક્રમમાં આવકાર વિધિ હિરેન ભટ્ટ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિમેષ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિજેતા બાળકો

| ગ્રૂપ-૧ (વર્ષ ૬ થી ૧૦) | ગ્રૂપ-૨ (વર્ષ ૧૧ થી ૧૪) |
|---|---|
| પ્રથમ - ડીવા શાસ્ત્રી | પ્રથમ - ધ્રુવા પટેલ |
| દ્વિતીય - જાનવી શાહ | દ્વિતીય - હીતી શાહ |
| તૃતીય - હાર્દી સોની | તૃતીય - કરણ આર્ય |
| **આશ્વાસન ઈનામો** | **આશ્વાસન ઈનામો** |
| ખનક છનીયારા | દેવાંશી જોષી |
| શ્રેયા પટેલ | યશ ચૌધરી |
| પ્રકૃતિ પટેલ | જવલીન સંઘાડીયા |
| પશ્મીત શાહ | પ્રિયાંશી સિન્હા |
| હર્ષ ત્રિવેદી | અંજલી રાઠોડ |


### ચિત્ર સ્પર્ધામાં ભાગ લનાર બાળકોના મતે ગાંધીનગરનું મહત્વ અને તેમણે દોરેલા ચિત્રનું વર્ણન

**ધ્યાનમ રાવલ**



મને ગાંધીનગરમાં રહેવું મને ખૂબ જ ગમે છે. નગરમાં સ્વચ્છતા છે. શહેરમાં દંગા ફસાત થતા નથી સુરક્ષિત છે. સાથે નાગરિકો પણ પ્રેમાળ છે. હું આજે સ્પર્ધામાં ભાગ લેવા મારી જાતે આવ્યો છું. હું દરરોજ સમાચાર પત્ર વાંચુ છું. આજે મેં ગાંધીનગરની વિશેષતા વિષય ઉપર ચિત્ર દોર્યુ છે જેમાં મેં વિધાનસભા, દાંડી કુટીર અને પવનચક્કીનો સમાવેશ કર્યો છે.

**ગીર્વા શાહ**



હું ગાંધીનગરમાં જન્મથી જ રહું છું. અહીં ના જોઈ શકાતા ફૂલો, ગ્રીનરી મને ખૂબ જ ગમે છે હું દરરોજ ગાર્ડનમાં રમવા જાઉં છું. અહીં મહાત્મા મંદિર બન્યું છે એટલે હું ત્યાં ગાંધીજીની સ્ટોરી વિશે જાણવા અને હરવા ફરવા જઈ શકુ છં. મને મારા દાદા-બાએ કહ્યું ને હું અહીં સ્પર્ધામાં ભાગ લેવા માટે આવી છું. આજે હું વિધાનસભા અને મારા પ્રિય ગાંધીજીનું ચિત્ર દોરી રહી છું.

## સરકારી વિનયન કોલેજની ઈકો કલબે ''બીજ બોલ'' બનાવ્યા



ગાંધીનગર, તા. ૨

પર્યાવરણનું જતન એ આજના સમયની સૌથી અગત્યની બાબત બની ગઈ છે. ગ્લોબલ વૉર્મિંગ અને કલાઈમેટ ચેન્જ જેવી સમસ્યાઓએ સૌની ઊંઘ ઉડાડી દીધી છે. જો કે હવે નાગરિકોમાં પર્યાવરણના જતન બાબતે જાગૃતિ આવવાની શરૂઆત જ થઈ રહી હોવાનું જણાય છે. આજની યુવા પેઢી પર્યાવરણ બાબતે સજાગ બને તે હેતુથી ગાંધીનગરના સેક્ટર-૧૫ની ગવર્મેન્ટ આર્ટસ કોલેજ ખાતે ચલાવાતી ઈકો કલબ દ્વારા નેશનલ ગ્રીન કોર અંતર્ગત ''બીજબોલ'' બનાવવાનો કાર્યક્રમ યોજાયો હતો.

સરકારી વિનયન કોલેજમાં આયોજિત ''બીજબોલ'' બનાવવાના કાર્યક્રમમાં રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના સંયુક્ત સચિવ અરવિંદ નૌટિયાલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વૃક્ષોના જતન અને વન સંરક્ષણ અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે ગીર ફાઉન્ડેશનના ડેપ્યુટી ડાયરેક્ટર બી.સી. મહેતા અને પ્રોગ્રામ ઓફિસર આલાપ પંડિત પણ ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ''બીજબોલ'' એ પાક્કાં ફળોના બીજ પર ખાતર-માટીનો પીંડો લગાડી બોલ આકારમાં બનાવી તેને થોડા સુકાય એટલે ખુલ્લા વિસ્તારોમાં ફેંકી દેવામાં આવે છે. જ્યાં તેમાંથી કુદરતી રીતે જે તે ફળના અંકુર ફુટી તેના વૃક્ષનું નિર્માણ થાય છે. વૃક્ષારોપણનો આ એક નવતર અભિગમ છે. ઈકો કલબ આયોજિત બીજબોલ બનાવવાના કાર્યક્રમનું સંચાલન કો-ઓર્ડિનેટર ચેતન ચૌહાણે કર્યુ હતુ જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



ગાંધીનગરનો સ્થાપના દિવસ શહેરમાં વિવિધ સંસ્થાઓ તથા સરકારી તંત્ર દ્વારા ઉજવવામાં આવ્યો જેમાં અનેકવિધ કાર્યક્રમો યોજાયા. કોઈએ શહેરના પ્રથમ નાગરિકોને યાદ કર્યા તો કોઈએ શહેરના પ્રતિભાશાળી વ્યકિતત્વને સનમાન્યા. શહેરના 'હેલ્લો ગાંધીનગર' ગૃપ દ્વારા અલગ જ રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આ ગૃપના સ્વયંસેવકોએ શહેરમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોના બાળકોને ચોકલેટસ ખવડાવી તેમની સાથે આનંદ કરી ઉજવ્યો હતો.





ભારત સરકારના યુવા પ્રવૃત્તિઓ તથા ખેલ મંત્રાલયના ડેપ્યુટિ સેક્રેટરી શ્રીમતી જી.એસ. ચિત્રા ગાંધીનગરની મુલાકાતે પધાર્યા હતા. આ પ્રસંગે તેમણે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન અને સેકટર-૧૬ ખાતેની ગવર્મેન્ટ યુથ હોસ્ટેલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે યુથ હોસ્ટેલના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. જેમાં તેમણે નાળિયેરી સહિતના છોડનું વાવેતર કર્યું હતું. આ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર, પૂર્વ ડેપ્યુટિ મેયર અને યુથ એવોર્ડી કાર્તિકભાઈ પટેલ, નિવૃત્ત સનદી અધિકારી પંકજભાઈ ઠાકર તથા હેપ્પી યુથ કલબના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. યુથ હોસ્ટેલ ખાતે જી.એસ.ચિત્રાનું શાલ ઓઢાડી સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.





ગાંધીનગરના વરિષ્ઠ નાગરિકોની સંસ્થા સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વિવિધ ક્ષેત્રે અગ્રણી પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના જાણીતા ભજનીક અને લોકગાયક રાજુભાઈ શ્રીમાળી ''રાજતરંગ''નું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# આજનું ગાંધીનગર એટલે વિશ્વ વિદ્યાલયોનું નગર

## ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારમાં મળીને કુલ ૨૦ યુનિવર્સિટીઓથી બન્યું શૈક્ષણિક હબ

ગાંધીનગર, તા. ૨

આજે ગાંધીનગરનો ૫૫મો જન્મ દિવસ ઉજવાયો છે ત્યારે પાંચ દાયકાની સફરના અંતે પાટનગર રાજકીય મહત્વની સાથે સાથે એક શૈક્ષણિક હબ તરીકે રાજ્યમાં અગ્રેસર સ્થાને ઉભરી આવ્યું છે. ગાંધીનગરમાં આજે એક, બે કે પાંચ નહી પરંતુ કુલ ૨૦ યુનિવર્સિટી કાર્યરત છે જેમાં વિવિધ ક્ષેત્રે ડિપ્લોમાં, સ્નાતક, અનુસ્નાતક તથા પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં ઉપરાંત સ્પેશિયલ સર્ટિફિકેટ કોર્સિસ પણ ચલાવાઈ રહ્યાં છે. જોકે હજુ શહેરમાં એક પણ કૃષિ યુનિવર્સિટી નથી.

ગાંધીનગર શૈક્ષણિક હબ બન્યું છે તેની પાછળ શહેરમાં સ્થપાયેલી અનેક યુનિવર્સિટીઓ રહેલી છે. જોકે શહેરમાં આટલી યુનિવર્સિટીઓની સ્થાપનાનું કારણ રાજ્યનું પાટનગર હોવા ઉપરાંત શહેરની ભૌગોલિક સ્થિતિ તથા પાટનગરની રચના પણ જણાય છે. ગાંધીનગર ઉત્તર ગુજરાત તથા મધ્ય ગુજરાતને જોડતા કડીરૂપ સ્થાને વિકસ્યું છે તે ઉપરાંત અહીંથી સૌરાષ્ટ્ર તરફનું આવાગમન પણ નેશનલ હાઈવેના વિકાસ પછી સરળ બન્યું છે. વળી, રાજ્યના આર્થિક પાટનગર અમદાવાદની ગીચતા મેટ્રો સિટીની ઝડપે વધવાને કારણે પણ ગાંધીનગર રહેણાંક માટે શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. અહીં શૈક્ષણિક સંકુલોના વિકાસ માટે વિશાળ જગ્યા ઉપલબ્ધ હોવા સાથે સરકારી તંત્રનો નાતો સારી રીતે જળવાઈ રહેતો હોવાથી પણ આ વિકાસ ઝડપી બન્યો છે. જોકે શહેરમાં મોટાભાગની યુનિવર્સિટીઓ રાજ્ય સરકારના પ્રયાસથી ઉભી થવા પામી છે. તે પણ એક નિર્વિવાદ હકીકત છે.

### ગાંધીનગરની યુનિવર્સિટીઓ

- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
- ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી
- કામધેનુ યુનિવર્સિટી
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત
- ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી
- પંડિત દિન દયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી
- ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ
- ગુજરાત સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી
- સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી
- કર્ણાવતી યુનિવર્સિટી
- ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી)
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈઆઈટીઈ)
- એન્ટ્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન (ઈડીઆઈ)
- કડી સર્વ વિશ્વ વિદ્યાલય (કેએસવી)
- ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ)
- રક્ષાશક્તિ યુનિવર્સિટી
- ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)
- શંકરસિંહ વાઘેલા બાપુ યુનિવર્સિટી
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ (આઈઆઈપીએચ)

## વિદ્યાર્થીઓને નશાના રવાડે ચડાવતા તત્વો સામે પોલીસ પગલા ભરશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં આવેલી મોટી શૈક્ષણિક સંસ્થાઓ, ટેકનીકલ સંસ્થા, યુનિવર્સિટી ખાતે અસામાજીક તત્વોથી ફેલાતા દુષણને અટકાવવા પગલા લેવા પોલીસને સુચના અપાઈ છે. અસામાજીક તત્વો પોતાની બેઠક બનાવી સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નશાના રવાડે ચડાવે છે.ત્યારે પોલીસને તા.૨ થી ૧૦ ઓગસ્ટ સુધી કોમ્બિંગની સુચના સાથે દરરોજ કામગીરીનો રીપોર્ટ આપવા માટે જણાવાયું છે. ગાંધીનગર શહેરમાં ઈન્ફોસીટી પોલીસ મથક વિસ્તારમાં આવેલા ઈન્ફોસીટી સંકુલ, ડીએઆઈઆઈસીટી, નિફટ, ગરીમા પાર્ક, પીડીપીયુ, જીએનએલયુ, તેમજ સેકટર-૭ પોલીસ મથકમાં સે-૭ પોલીસ મથકમાં વિસ્તારમાં એલડીઆરપી, સે-૧૫ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ, સેન્ટ્રલ વિસ્ટ્રા ગાર્ડન સહિત સેકટર-૨૧ પોલીસ મથકની હદમાં કડી શૈક્ષણિક સંકુલ, સેકટર-૨૬ સરકારી પોલીટેકનીક કોલેજ સહિતની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ પર ખાસ તકેદારીના પગલા ભરવા માટે જણાવાયું છે.

શહેરમાં કાર્યરત વિવિધ શૈક્ષણિક સંકુલની આજુબાજુમાં ખાસ પેટ્રોલીંગ કરીને રોમીયોગીરી કરતા, સ્ટંટ કરતા, નશીલી ચીજવસ્તુનું સેવન તેમજ નશીલી પદાર્થોનું વેચાણ કરતા, નંબર વગરના વાહનો તેમજ ખોટી નંબર પ્લેટ સહિત પોલીસ લખેલ પ્લેટ હોય તેવા તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. જયારે સંસ્થાની આસપાસ અજગરની જેમ વીંટળાયેલા પાનના ગલ્લા, ચાની કીટલી, ફેરીયાઓના નામ સરનામા સાથેની વિગતો લેવાની રહેશે. જયારે સંસ્થાઓ પાસે બેસી રહેતા અસામાજીક તત્વોના નામ સરનામા સહિતનું લીસ્ટ પોલીસ સ્ટેશનના રેકર્ડમાં રાખવા માટે જણાવાયું છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **ખાનદાની શફાખાના** ૯.૪૫, ૧૧.૩૫, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
- **જજમેન્ટલ હૈ કયા** ૯.૦૫, ૫.૩૦, ૧૦.૪૫
- **સુપર-૩૦** ૨.૫૫, ૬.૫૫, ૯.૩૦, ૧૦.૦૦
- **ચાસણી (ગુજરાતી)** ૮.૦૦ કલાકે સાંજે
- **કબીરસિંગ** ૧૨.૫૫ બપોરે
- **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૫.૧૫, ૯.૪૫, ૧૦.૫૫; ૩-ડી અંગ્રેજી ૧૧.૩૫, ૮.૦૫
- **ધ લાયન કિંગ** હિન્દી ૩-ડી ૧૦.૫૦, ૪.૨૫, ૭.૦૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- **ખાનદાની શફાખાના** ૧૦.૪૦, ૪.૨૫, ૭.૨૦, ૧૦.૧૫
- **જજમેન્ટલ હૈ કયા** ૧૦.૧૫ સવારે, ૪.૦૦ સાંજે
- **સુપર-૩૦** ૧૨.૫૦, ૬.૩૫, ૯.૪૫
- **ચાસની (ગુજરાતી)** ૧.૩૫
- **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૩-ડી હિન્દી ૯.૦૦, ૧.૩૦, ૨.૨૫, ૮.૦૫, ૧૦.૫૫; ૩-ડી અંગ્રેજી ૯.૩૦, ૧૧.૩૫, ૫.૧૫
- **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૧૧.૦૦, ૪.૨૦, ૬.૫૫

### સિટી પલ્સ કુડાસણ

- **ખાનદાની શફાખાના** ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
- **જજમેન્ટલ હૈ કયા** ૬.૩૦
- **સુપર-૩૦** ૭.૦૦ સાંજે
- **ચાલ જીવી લઈએ (ગુજરાતી)** ૩.૪૫
- **ચાસની (ગુજરાતી)** ૯.૩૦
- **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૨-ડી હિન્દી ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫; ૨-ડી અંગ્રેજી ૧૨.૧૫, ૫.૧૫, ૯.૩૦
- **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૪.૩૦, ૭.૦૦
- **કબિરસિંગ** ૧૨.૩૦ બપોરે

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **ખાનદાની શફાખાના** ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૩૦
- **જજમેન્ટલ હૈ કયા** ૪.૫૫
- **સુપર-૩૦** ૧.૪૦, ૭.૧૫
- **ચાસની (ગુજરાતી)** ૧૦.૧૫ રાત્રે
- **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૨-ડી હિન્દી ૧૦.૦૦, ૧૨.૫૫, ૩.૫૦, ૬.૪૫, ૯.૪૦; ૩-ડી હિન્દી ૮.૩૦, ૧૧.૨૫, ૫.૧૫, ૮.૧૦, ૧૧.૦૫
- **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૨.૨૦

## રવિવારે ઘ - ૪ સર્કલે પુસ્તક પરબ યોજાશે

માતૃભાષા અભિયાનનાં ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનનાં સહયોગથી ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. ઓગસ્ટ માસની પુસ્તક પરબ આ રવિવાર તા.૪ -૮-૧૯ નાં રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન યોજાશે. ગાંધીનગરના અનેક મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓ, લેખકો, તબીબો, નોકરી - વ્યવસાય કરનાર ભાવકો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આનો લાભ લે છે. પરબની મુલાકાતે આવનાર વ્યક્તિ બે પુસ્તક અને સામયિક વિના મૂલ્યે લઈ જઈ શકે છે. પુસ્તકો ભેટમાં સ્વીકારવામાં આવે છે. પુસ્તક પરબમાં એક મેળા જેવો માહોલ જામતો હોય છે. સહુ ભાવકો- વાચકોને પધારવા આત્મન - પુસ્તક પરબ ટીમ વતી નિમંત્રણ છે.